ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૪ ડીગ્રી
લઘુતમ : ૧૬.૪ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૨૮ ટકા

## રંગતાલ પ્રિ-સ્કૂલનો રંગદાર વાર્ષિકોત્સવ ઉજવાયો




રાંધેજા ખાતે રંગતાલ પ્રિ-સ્કૂલનો ત્રીજો વાર્ષિકોત્સવ રંગેચંગે ઉજવામાં આવ્યો હતો. આ પ્રસંગે અનિલભાઈ મોરે, પ્રમુખ ગુજરાત રાજ્ય ફૂડ એન્ડ ડ્રગ્સ કન્ઝ્યુમર વેલ્ફેર કમિટી, દિપકભાઈ વ્યાસ બ્યુરો ચીફ હેડ ગુજરાત નિર્ભયમાર્ગ ન્યૂઝ, પ્રમુખ ફોટોગ્રાફર એસોસિએશન ગાંધીનગર, ગોપાલ ભાઈ પટેલ (રાંધેજા કેળવણી મંડળના ટ્રસ્ટી) હેમાબેન ભટ્ટ (પ્રિન્સીપાલ સમર્પણ પબ્લિક સ્કૂલ) પાયલબેન આચાર્ય (પ્રિન્સીપાલ સમર્પણ પબ્લિક સ્કૂલ) વિકિભાઈ પંડ્યા, વાઈબ્રન્ટ એકેડેમી કુકરવાડા. તેમજ રંગતાલ પ્રિ સ્કૂલના ટ્રસ્ટી મિલન પટેલ, આશા પટેલ દ્વારા દીપ પ્રગટ્યા કરી ત્રીજા વાર્ષિકોત્સવને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

વાલિશ્રીઓ તથા ખુબ મોટી સંખ્યામાં ગ્રામજનો તેમજ બાળ પ્રવૃતીઓનાં પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. બાળકોએ એક પછી એક સુંદર કૃતિઓ રજૂ કરીને પ્રેક્ષકોના દિલ જીતી લીધા હતા.

## સ્વર્ણિમ પાર્ક ખાતે નિઃશુલ્ક યોગનો તાલિમ વર્ગ આરંભાયો



ગુજરાત રાજ્ય યોગ બોર્ડ સંચાલિત અંતર્ગત સ્વનીમપાર્ક ગ ૪ ગાર્ડનમાં નિયમિત સવારે ૬.૧૫ થી ૭.૩૦ સુધી નિઃ શુલ્ક યોગ વર્ગ ચલાવવામાં આવે છે. જેમાં ધ્યાન - યોગ - પ્રાણાયમ - આસન અને ઉપયોગી વ્યાયામની તાલીમ વિના મૂલ્યે આપવામાં આવી રહી છે

આ યોગ વર્ગમાં પતાંજલી યોગ સમિતિ હરદ્વાર તાલીમ મેળવી યોગ ટીચરનું પ્રમાણપત્ર મેળવેલ છે તથા ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા પ્રમાણિત યોગ ટીચર તરીકે નિઃસ્વાર્થ સેવા આપતા રમણભાઈ આર. પરમાર સે.૧૪ તથા યોગ ટ્રેનર જસવંતકુમાર ઓઝા સેક્ટર - ૧૩ દ્વારા નિઃ શુલ્ક નિયમિત યોગવર્ગ ચલાવવામાં આવે છે. તો ગાંધીનગરના સ્વાસ્થ્ય પ્રેમી નાગરિકોને આ યોગ વર્ગમાં જોડાવા તથા તે અંગે વધુ માહિતી માટે રમણભાઈ પરમાર સેક્ટર - ૧૪ મોબાઈલ નં. ૯૧૦૬૧૬૬૩૫૧ પર સપર્ક સાધવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

## સે. ૨૨ વાસ્તુનિર્માણ સોસાયટી ખાતે રંગપર્વની ઉલ્લાસપૂર્વક ઉજવણી



ગાંધીનગર, તા.૯

હોળી અને ધુળેટી સાથે હિંદુ ધર્મમાં સંકળાયેલી કેટલીયે પૌરાણિક કથાઓ આજે પણ મોજુદ છે. માત્ર ભારતમાં જ નહીં, અન્ય દેશોમાં પણ આ તહેવારો ઉત્સાહ અને ઉલ્લાસથી મનાવવામાં આવે છે. હોળી, જેને રંગોનો તહેવાર પણ કહેવામાં આવે છે, તે ભારત, સુરીનામ, ગુયાના, ટ્રિનિદાદ, યુનાઇટેડ કિંગડમ અને નેપાળમાં પણ ભારે લોકચાહના ધરાવતો હિંદુ તહેવાર છે. ગુજરાત અને ખાસ કરી સૌરાષ્ટ્રમાં હોળીના બીજા દિવસે ધુળેટી મનાવાય છે.

તહેવારોના મહોત્સવની સમાજ વ્યાપી ઉજવણીમા જનભાગીદારી પ્રેરીત કરવા સેકટર-૨૨, વાસ્તુનિર્માણ સોઆયટી, ગાંધીનગર ખાતે સામાજિક કાર્યકર અનિલ કકકડના આયોજનથી ધુળેટીનો દિવસ ઉત્સાહ સાથે ધામધૂમથી ઉજવણી કરવામાં આવ્યો હતો. આ દિવસે સવારથી જ નાત જાત, ધર્મ, પ્રાંત, ઉમર કે ભાષાના ભેદ ભાવ વગર સૌ કોઈ નાના મોટા એકબીજા પર અબિલ, ગુલાલ તેમજ કેસુડાનાં રંગો છાંટી, રંગોની વર્ષામાં તરબોળ થઈ નાચ ગાન, મીઠાઈ, પ્રસાદ વિગેરે સાથે પોતાનો ઉત્સાહ અને આનંદ વ્યક્ત કરેલો હતો. ઉજવણીમા શ્રી પ્રતાપ પાલૈયા, કમલ પટેલ, મનહર શાહ, શિવાજી ખંડારે, પીટર જહોન્સન, નાના ભુલકાઓ સામેલ થયા હતા.

## આજ ના છોડેંગેં બસ હમજોલી, ખેલેંગે હમ હોલી..!



ગાંધીનગર સેક્ટર - ૮ ખાતે ડૉ. કાન્તિલાલ શેખાત અને ડૉ. નીતાબહેન શેખાતની સોસાયટીમાં દર વર્ષે હોળી ધૂળેટીના પર્વની ધામધૂમથી ઊજવણી કરવામાં આવે છે. શેતલભાઈ શાહ અને સોનલ શાહ દ્વારા આતિથ્ય સત્કારની તૈયારીઓ કરવામાં આવે છે. સોસાયટીના ૬૦થી વધુ સભ્યો વિવિધ રંગો સાથે ધૂળેટીનું પર્વ મનાવે છે. રંગો પછી પાણીથી હોળી રમાય છે અને એમાં પણ નવીન દંપતિને એકબીજાના ખોળામાં બેસાડી પાણીથી હોળી રમાય છે. અંતમાં પાણીપુરી અને ગાંઠીયા જલેબીની મિજબાની રાખવામાં આવે છે.

સેક્ટર - ૮ની આ ધૂળેટી લોકોમાં આકર્ષણ જમાવે છે જેમાં વૃદ્ધોથી લઈ ભૂલકાઓ પણ મજાથી રંગોત્સવ મનાવે છે. આ હોળી દરમિયાન રસ્તા પરથી પસાર થતા લોકોને પણ 'બુરા ન માનો, હોલી હૈ...' કહી રંગોથી રંગવામાં આવે છે!

## સી. એમ. વિદ્યાલય ખાતે ધો.૧૦-૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૯

શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ,



ગાંધીનગર ખાતે તા-૪/૩/૨૦૨૩, શનિવારના રોજ ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત દિપપ્રાગટ્યથી કરવામાં આવી. શાળાના આચાર્યશ્રી ડૉ. ચેતના અરૂણ બૂચ તથા વરિષ્ઠ શિક્ષકશ્રીઓ બિપીનભાઈ ડામોર, નવિનભાઈ પટેલ, લાભુભાઈ દેસાઈ તથા વિદાય લઈ રહેલ વિદ્યાર્થી પ્રતિનિધિ દ્વારા દિપપ્રાગટ્ય કરવામાં આવ્યું. માધ્યમિક વિભાગના શિક્ષિકા શ્રી મમતાબેન પાઠક દ્વારા પ્રાર્થના ગાન કરવામાં આવ્યું તથા સંસ્કૃતના શિક્ષકશ્રી વિવેકભાઈ પઢિયાર દ્વારા સંસ્કૃત શ્ર્લોકોનું ગાન કરવામાં આવ્યું. જેમાં શાળાના બાળકોએ પણ સુંદર રીતે સંસ્કૃતના શ્ર્લોકોનો મંત્રોચ્ચાર કરીને વાતાવરણને દિવ્ય અને આધ્યાત્મિક બનાવ્યું હતું.

શાળાના આચાર્ય બહેનશ્રી ડૉ. ચેતનાબેન બૂચે બોર્ડની પરીક્ષા આપવા જઈ રહેલા વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવી તથા પરીક્ષાને અનુરૂપ મહત્વની સૂચના આપી. ધોરણ-૯ તથા ધોરણ-૧૧ના વિદ્યાર્થીઓ દ્વારા આ પ્રસંગે ભાવસભર શુભકામના આપવામાં આવી. ધોરણ-૧૦ અને ૧૨ના વિદાઈ લઈ રહેલ બાળકો દ્વારા શાળાજીવનના તેમના અનુભવો તથા યાદોને વાગોળવામાં આવી હતી.

ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના શિક્ષિકા બહેન શ્રી ડિમ્પલબેન બેક્કરે વિદ્યાર્થીઓને આર્શીવચન પાઠવ્યા તથા શાળાના શિક્ષકો દ્વારા ગુલાબના ફૂલ તથા કુમકુમ તિલક કરીને વિદ્યાર્થીઓના ઉત્સાહને બેવડાવ્યો હતો.

સમારંભને અંતે માધ્યમિક વિભાગના સુપરવાઈઝરશ્રી એચ.એમ. અસારી સાહેબ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન ડૉ. વંદનાબેન મેવાડા દ્વારા કરવામાં આવ્યું હતું.

## ચૌધરી કોલેજમાં વિશ્વ મહિલા દિવસની ઉજવણી




ગાંધીનગર, તા. ૯

શ્રી પી.કે. ચૌધરી કોલેજ, સેકટર-૭ ખાતે 'વિશ્વ મહિલા દિવસ' નિમિત્તે ગુરૂવાર તા. ૯-૩-૨૦૨૩ના રોજ એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં કોલેજના પ્રિન્સિપાલ ચૌધરી, પ્રોફેસર ડૉ. લીનાબેન તથા અન્ય પ્રોફેસરની ઉપસ્થિતિમાં સુરક્ષા સેતુના જિલ્લા લાયઝન અધિકારી પી. સી. વાલેરા તથા શ્રીમતી આશા ગામીત, પી.એસ.આઈ. પેથાપુરનાઓ હાજર રહી વિદ્યાર્થીનીઓને કારકિર્દીમાં સફળ બનવા માર્ગદર્શન ઉપરાંત આત્મ રક્ષણ કઈ રીતે કરવુ જોઈએ તે અંગે માહિતી તથા મહિલાઓ માટે ઉપયોગી પોલીસ વિભાગ સંચાલિત વિવિધ હેલ્પલાઈનની જાણકારી તથા સાયબર ક્રાઈમથી બચવા સોશીયલ મીડિયાના ઉપયોગ સમયે કેવી સાવચેતી રાખવી જોઈએ તેની માહિતી આપવામાં આવી હતી.

## જન્મદિને વધામણી



**શાંતિલાલ ઘોઘારી**
વેપારી અગ્રણી
(રાજધાની હાર્ડવેર)
સહમંત્રી
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૦ ૩૩૭૪૦



**જોષી બાલકૃષ્ણ રતિલાલ**
મો. ૭૦૧૬૧ ૬૭૦૯૩



**સાગરદાન ગઢવી**
ઉપપ્રમુખ, સે-૫, વસાહત મંડળ,
ઉપપ્રમુખ, ખોડિયાર ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર
મો. ૭૦૬૯૭૮૦૩૬૩



**વિશાલ ઠાકોર**
મો. ૯૦૯૯૨ ૧૮૦૭૭

## શ્રી લીંબચ સેવા ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા ગાંધીનગરથી પાટણ ચાલતા સંઘ જશે

ગાંધીનગર, તા.૯

લીંબચ સેવા ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા દર વર્ષની જેમ તા ૨૫મીને શનિવાર ચૈત્ર સુદ ચોથના દિવસે સવારે ૬ કલાકે દિપકભાઈ એ. શર્મા (વાવોલ વાળા) પ્લોટ નં ૪૧૬-૨ સેક્ટર નં ૧૨બી ગાંધીનગર ખાતેથી નીકળી સેક્ટર નં ૧૩ લીંબચમાતાનાં દર્શન કરી પ્રયાણ કરશે. ધજાપુજન વિધી આગલા દિવસે તા ૨૪મીના રોજ બપોરે ત્રણ કલાકે દિપકભાઈને ત્યાં યોજાશે. દરેક યાત્રાળુઓ માટે ફી રૂપિયા -૨૫૦/- અંકે રૂપિયા બસો પચાસ પુરા વ્યક્તિ દીઠ રાખેલ છે. તારીખ-૨૯/૩/૨૦૨૩ બુધવાર ચૈત્ર સુદ આઠમ સવારે ૮-૧૫ કલાકે માતાજીની ધજા રોહણ વિધી યોજાશે. તો જે જ્ઞાતિ બંધુઓ એ લાભ લેવાની ઈચ્છા હોય તેમને રમેશભાઈ એસ. નાઈ (૯૮૨૪૪૩૬૨૧૦), ભોગીલાલ એમ. નાઈ (૯૮૨૪૯૬૭૧૪૭)નો સંપર્ક કરવા જણાવાયું હતું. દાતાઓ તરફથી સતત સાથ -સહયોગ મળ્યો છે ? તે બાબતે દાતાઓ તેમજ પદયાત્રીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.



**સેક્ટર-૨૨ શ્રેયસ સોસાયટી હોળી મહોત્સવ**

તા. ૮-૩-૨૦૨૩ના રોજ સોસાયટીની જાગૃત તથા ઉત્સાહી મહિલાઓ અને બાળકો સાથે મળીને સફેદ તથા લાલ કપડાનાં પહેરવેશ સાથે રંગબેરંગી કલરોથી ભવ્ય રંગોત્સવ ઉજવીને દર વર્ષની જેમ જ આ વર્ષે પણ આનંદની લાગણી અનુભવી હતી.

## સરસ્વતી વિદ્યાલય ખાતે ધો. ૧૦-૧૨ના વિદ્યાર્થીઓને શુભેચ્છા-વિદાય સમારોહ



ગાંધીનગર, તા. ૯

સેક્ટર-૬ માં આવેલી સરસ્વતી વિદ્યાલયમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. શાળાના આચાર્ય હિતેન્દ્રસિંહ પરમારે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. શાળાના શિક્ષક તેજસભાઈ પટેલ અને શિક્ષિકા બહેન મધુબેન લેઉવાએ વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપ્યુ હતુ. શાળાના શિક્ષક ગોપાલસિંહ સોલંકી અને મફતભાઈ પ્રજાપતિએ વિદ્યાર્થીઓ પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરીને જીવનમાં પ્રગતિ કરે તેવુ પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતુ અને વિદ્યાર્થીઓને પેન અને ચોકલેટ આપીને કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

## અરવિંદ કેન્દ્ર ખાતે ૧૧મીએ વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૯

શ્રી અરવિંદની ૧૫૦મી જન્મજયંતિ (૧૮૭૨-૨૦૨૨) અંતર્ગત શ્રી અરવિંદ કેન્દ્ર સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે તા. ૧૧-૩-૨૦૨૩, શનિવારના રોજ સાંજે ૬ વાગે શ્રી અરવિંદના તત્વ દર્શનના ઊંડા અભ્યાસી અને લેખિકા પ્રાધ્યાપક સુ.શ્રી જ્યોતિબેન થાનકીનું 'શ્રી અરવિંદનું જીવન અને દર્શન' વિષય ઉપર એક વ્યાખ્યાન રાખવામાં આવ્યો છે.

## માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં વિશ્વ મહિલા દિનની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર સે. ૨૧ની માઉન્ટ કાર્મેલ સ્કૂલ ખાતે મેલ સ્ટાફ તથા મેલ સ્ટુડન્ટ્સ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની અનોખી ઉજવણીનું આયોજન શાળાના આચાર્ય સિસ્ટર જેનિફરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં ધો. ૧ થી ૪ ની વિદ્યાર્થિનીઓ માટે કલરપૂર્તિ સ્પર્ધા તેમજ ધો. ૫ થી ૮ અને ધો. ૯ થી ૧૨ની વિદ્યાર્થિનીઓ અને શાળાની તમામ શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક મહિલાઓની પ્લાસ્ટિક વેસ્ટ કલેક્શન સ્પર્ધા પણ ત્રણ કેટેગરીમાં યોજાઈ હતી. આ સ્પર્ધામાં સૌથી વધારે પ્લાસ્ટિક વેસ્ટ જમા કરાવનાર વિજેતા વિદ્યાર્થિનીઓ, ટીચર્સ, સહયોગી સ્ટાફની બહેનોને સર્ટિફિકેટ અને ટ્રોફી આપી પર્યાવરણ સુરક્ષા માટેના ઉમદા પ્રયાસને બિરદાવવામાં આવ્યો હતો. એકઠુ કરેલું પ્લાસ્ટિક વેસ્ટ શાળામાં ચાલતા સર્વિસ લર્નિંગ કલબ દ્વારા ઈકો વિઝનને રી-સાયકલ માટે મોકલવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓ અન્ય શાળામાં જઈને પણ આ પ્રોજેક્ટ અંતર્ગત પ્રોગ્રામ કરે છે તથા અન્ય સંસ્થાઓને પણ પ્લાસ્ટિક વેસ્ટ કલેકશન કરી રી-સાયકલમાં મોકલવા અનુરોધ કરે છે. માત્ર વુમન્સ ડે ના દિવસે ૨૬૧ કી.ગ્રા. પ્લાસ્ટિક એકઠું થયેલ હતું. અત્યાર સુધી માઉન્ટ કાર્મેલ સ્કૂલ દ્વારા કુલ ૬૮૩૩ કી.ગ્રા. પ્લાસ્ટિક વેસ્ટ એકઠું કરવામાં આવ્યું છે. પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ પ્રત્યે જાગૃતિ કેળવવાના આશયથી આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની આ પ્રકારે ઉજવણીનું આયોજન રાખેલ હતું.

## લાયોનેસ ક્લબ ગાંધીનગર દ્વારા વિશ્વ મહિલા દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૯

૮મી માર્ચ વિશ્વ મહિલા દિન સપ્તાહની ઉજવણી



વિશ્વભરમાં મહિલાઓ દ્વારા કરવામાં આવે છે. મહિલાઓ દ્વારા સામાજીક, શૈક્ષણિક, સેવાકીય કાર્યક્રમો દ્વારા મહિલા દિનની ઉજવણી કરવામાં આવે છે ત્યારે લાયોનેસ કલબ ગાંધીનગરના સહયોગથી સરકારી પ્રાથમિક શાળા બોરીજ મુકામે તા. ૬-૩-૨૦૨૩ના રોજ વિશ્વ મહિલા દિનની ઉજવણી કરવામાં આવેલ.

૮મી માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે પરંપરાગત નારી સન્માન અને અન્ય કાર્યક્રમો દ્વારા ઉજવણી થતી હોય છે.

ત્યારે લાયોનેસ કલબ ગાંધીનગરના પ્રમુખ પ્રિતિબેન શર્મા, સેક્રેટરી વિમળાબેન અયાચી અને લાયો. જાગૃતિબેન વ્યાસ દ્વારા બોરીજ મુકામે આશાવર્કર બેનોને તેમની ઉત્તમ કામગીરી માટે મોમેન્ટો આપી સન્માનવામાં આવ્યા હતા તેમજ બોરીજ પ્રાથમિક શાળાની આશરે ૧૮૦ દિકરીઓ સાથે મહિલા દિનની ઉજવણીના ભાગરૂપે દિકરીઓને મહિલાદિનની વિશેષ માહિતી પુરી પાડી હતી.

આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય કાશ્મીરાબેન વ્યાસ, શિક્ષકગણ તેમજ આશાવર્કર બેનો ખાસ ઉપસ્થિત રહી હતી. કાર્યક્રમના પ્રારંભે બેનોનું સન્માન લાયોનેસ પ્રમુખ પ્રિતીબેન શર્માએ કર્યુ હતુ. જ્યારે આભારવિધી લાયોનેસ સેક્રેટરી વિમળાબેન અયાચીએ કરી હતી.

કાર્યક્રમમાં શાળાના આચાર્ય અને શિક્ષકગણનો ખૂબજ સારો સહયોગ સાંપડ્યો હતો.

## આજે ચાંદખેડામાં આનંદનો ગરબો

માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા તારીખ ૧૦ માર્ચના રોજ આનંદ નો ગરબો ચાંદખેડા ખાતે પટેલ વાસ માં વિનોદભાઈ પટેલ ના નિવાસે બપોરે ૨ થી ૫ વાગ્યે યોજાશે.

## મહિલા દિને પ્રતિભાવંત મહિલાઓનું સન્માન કરાયું



ગાંધીનગર, તા.૯

વિશ્વ મહિલા દિવસ ૮મી માર્ચે મહિલાઓની ઐતિહાસિક, સાંસ્કૃતિક અને રાજકીય સિદ્ધિઓની ઉજવણી કરતો વૈશ્વિક દિવસ છે ત્યારે વિશ્વ મહિલા દિન ની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન-મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા બહેનો - દિકરીઓને પ્રોત્સાહિત તરીકે એક સાથે સન્માનિત કરતો સૌ પ્રથમ એવોર્ડ સમારંભ ગાંધીનગર શહેરમાં સરગાસણ ખાતે યોજાવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના કોર્પોરેટરો સોનાલી પટેલ, હેમા ભટ્ટ, ભાવનાબા ગોલ, ઈન્ટરનેશનલ મોડલ અને અભિનેત્રી દિપિકા પાટીલ, સૌ પ્રથમ વખત અર્બન ગુજરાતી "વર્જિનટી ડીલ" ફિલ્મમાં મુખ્ય ભૂમિકાનું પાત્ર ભજવનાર અભિનેત્રી નિશા જાની, યોગ કો-ઓર્ડિનેટર અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડના યોગ કોચ ભાવના જોષી, આમ આદમી પાર્ટીના ઈન્દ્રપુરી વોર્ડ ૪૨ ના પૂર્વ ઉમેદવાર બબિતા જૈન, બેસ્ટ વર્કિંગ વુમન - યુરોકિડ્સ પ્રી સ્કૂલનાં સંચાલિકા ખુશ્બુ શાહ, વર્ષ ૨૦૨૨માં શ્રેષ્ઠ પર્ફોર્મર તરીકે બોરિજ પ્રાથમિક શાળાની વિદ્યાર્થિની ઉષા મકવાણા ( ટેક્વોન્ડો પ્લેયર ) અને સરકારી પ્રાથમિક શાળા સેક્ટર-૩/સી ની વિદ્યાર્થીની રેણુકા પવાર (ટેક્વોન્ડો પ્લેયર), એમ. પી. ટી ઓર્થોપેડિક, સ્પોર્ટ્સ ફિઝિયોથેરાપીસ્ટના જાણીતા નિષ્ણાત ડૉ. નિધિ લેકિનવાલા આ તમામ બહેનો અને દિકરીઓને મોમેન્ટો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આયોજક મિલાપ ટાટારિઆ ટાઈગરે તમામ બહેનો અને દિકરીઓને અનેક શુભેચ્છાઓ પાઠવી હતી.

## ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર દ્વારા હેલ્દી બેબી કોમ્પીટીશન યોજાઈ

ગાંધીનગર, તા. ૯

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા વિશ્વ મહિલા દિવસ નિમિત્તે હેલ્દી બેબી કોમ્પીટીશન યોજાઈ હતી. જેમાં બાળકોના અલગ અલગ પેરામીટરના આધારે આરોગ્ય તપાસ કરીને તંદુરસ્ત બાળકોને એન.પી. પટેલ દ્વારા ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા તથા ભાગ લેનાર અન્ય ૭૨ બાળકોને રમકડાં ભેટ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત બાળકોના વાલીઓને તંદુરસ્ત બાળકો માટે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. જેમાં સિવિલના નર્સિંગ સ્ટાફ તથા રેડક્રોસ મહિલા ટીમે ખૂબ જહેમત ઉઠાવી હતી.

## સેક્ટર-૨૪ ખાતે કલા અને હસ્તકલા સ્પર્ધાનું આયોજન

આગામી તા. ૧૯મી માર્ચે, રવિવારના દિવસે બપોરે ૩:૦૦ કલાકે સેક્ટર-૨૪ ખાતે મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા આયોજિત અને યુરોકિડ્સ પ્રી સ્કૂલનાં સહયોગથી કલા અને હસ્તકલા સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. સ્પર્ધામાં ૫ થી ૨૫ વર્ષ સુધીના લોકો ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. રજિસ્ટ્રેશન માટેની છેલ્લી તારીખ ૧૬/૦૩/૨૦૨૩ રાખવામાં આવેલ છે. સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર વિજેતાઓને ઈનામ આપીને ગૌરવ સાથે સન્માનિત કરવામાં આવશે તો ભાગ લેવા માટે ઈચ્છુક બાળકોએ પોતાનું નામ ૯૧-૮૧૬૦૦૬૫૬૨૭૫ર સંપર્ક કરીને, ફોર્મ ભરીને રજિસ્ટ્રેશન કરાવી લેવું તેમ મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા જણાવવામાં આવેલ છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ઠાકોર કાંતીલાલ શંકરલાલ - ૬૭, ગાંધીનગર
- સ્વ. ઠાકોર કુવરબેન જવાનજી - ૪૭, પિયજ, કલોલ
- સ્વ. ઠાકોર મધુબેન શકરાજી - ૬૨, કુડાસણા
- સ્વ. ઠાકોર હતીબેન બળદેવજી - ૫૯, પેથાપુર, ફતેપુરા
- સ્વ. પટેલ જયંતિલાલ મણીલાલ - ૬૮, ગાંધીનગર